

# ચીઝ, પ્રેમ, પનીર, સૌંદર્ય, સરકાર બધું જ એનાલોગ

સારાંશ
★વિન્સી મરચન્ટ

એનાલોગસ અથવા એના લોગસ શબ્દોનો અર્થ વ્યાપક છે. એક સમાન જણાતી પરંતુ ખરેખર એક સમાન ન હોય, એકના અંદરના ગુણધર્મો તેના જ સુગંધ, સ્વરૂપ, રંગ ધરાવતી ચીજોથી અલગ હોય તો તે એનાલોગ વસ્તુઓ કહેવાય. આજકાલ પ્લાસ્ટિક છોડ, ફૂલો, આબેહૂબ કુદરતી જણાય તેવા બજારમાં મળે છે. પરંતુ એક કુદરતી છે. જ્યારે બીજુ નકલી છે. આમ એનાલોગનો એક અર્થ નકલી થાય. જાસ્મીનના સાબુની અને જાસ્મીનના ફૂલની સુગંધ એક સરખી જણાય, પરંતુ એક ફૂલ છે અને બીજુ કેમિકલ છે. વસતી બેફામ વધી છે, કુદરતી ચીજો ઓછી પડે છે. વિજ્ઞાને તેના કેમિકલ વિકલ્પો શોધ્યાં છે. જે કુત્રિમ અને તબિયત માટે ખતરનાક અથવા જીવલેણ પ્રકારે હાનિકારક છે. નાની ઉંમરના લોકોને ડાયાબિટિસ હૃદયરોગ, કીડની, લિવર, મગજની બિમારીઓ વળગે છે, કારણ કે એનાલોગ ખોરાકની સર્વત્ર બોલબાલા છે. ભારતમાં સર્વવ્યાપક, સર્વ સમત્વં, ભ્રષ્ટાચાર દુનિયાભરમાં સૌથી બૂરી વલે ભારતની પ્રજાની કરી છે. વડાપ્રધાન કહે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી, પણ તો પછી આટલો વ્યાપક ભ્રષ્ટચાર અને અધોગતિ શા માટે?

આજે ખૂબ કાળજી રાખો તો પણ એનાલોગ ખોરાક શરીરમાં પ્રવેશી જ જાય છે. કારણ કે લગભગ દરેક વસ્તુ એનાલોગ છે. તેલ, ચીજ, માખણ, દૂધ, દહીં, પનીર, બ્રેડ, બ્રૅન્ડી, વ્હીસ્કી, રમ, ઠંડાપીણાં, નાસ્તાના પેકેટો, ભૂંજેવા ચણા, દાળ અને કઠોળ વગેરેમાં કોઈક સાવ નકલી હોય છે અને કોઈક સાથે ખતરનાક ચેડાં કાઢ્યા હોય. તમે કોઈ પણ સસ્તું કે મોંઘુ તેલ ખરીદો, છાતી ઠોકીને કહી ન શકો કે તે મગફળીનું, તલનું કે ઓલીવનું તેલ છે. કારણ કે સોયાબીન, રાઈસબ્રાન્ડ, પામોલીન, સનફ્લાવર વગેરે કોઈપણ સસ્તા તેલમાં તલ, મગફળી કે ઓલીવ ઓઈલના સ્વાદ સુગુંધ ભેળવીને જે વધારે કિંમત વેચાય તેનું સ્વરૂપ આપવામાં આવે છે. પામોલીન તેલને શિંગતેલનું રૂપ, ગંધ આપીને વેચવાનું એક મોટું કૌભાંડ હમણાં સૌરાષ્ટ્રમાં પકડાયું હતું. આ એક હજારો અને લાખો ઉદાહરણોમાંનું એક છે. સર્વત્ર એનાલોગ સરકાર પણ એનાલોગ.

ખોરાક એનાલોગ, માનવીઓ એનાલોગ, પ્રેમ એનાલોગ, સોશિયલ મિડિયાનું કન્ટેન્ટ એનાલોગ, ભોળપણ એનાલોગ, માખણ, બિસ્કીટ, ચોખા, દાળ એનાલોગ, લૅબગ્રોન ડાયમંડ એનાલોગ, સૌંદર્ય એનાલોગ, સંઘર્ષની કથાઓ એનાલોગ, રાજકારણીઓની જાહેર ચિંતાઓ, વ્યથાઓ અને શ્રદ્ધાંજલિઓ એનાલોગ.

લાગે છે બધી ખોટી વાતોથી જ અથતંત્ર ધમીધમી રહ્યું છે. અધિકારીઓ, સરકારી ઓફિસો પણ આજકાલ એનાલોગ સ્વરૂપમાં જોવા મળે છે. થોડા સમય અગાઉ ગુજરાતમાં એક આખી સરકારી ઓફિસ, જે ઘણા સમયથી ચાલી રહી હતી તે ફેક અર્થાત એનાલોગ પુરવાર થઈ હતી.

સૌથી આઘાતજનક વાત એ છે કે એનાલોગ ખાદ્યપદાર્થો બનાવવાની હમણાં સુધી રાજ્યોમાં અને કેન્દ્રોમાં છૂટ હતી અને ડેરી ઉદ્યોગોની અમુક અગ્રેસર કંપનીઓ એનાલોગ પ્રવૃત્તિમાં પડી હતી અને આજે પણ છે. ભારત સરકાર અને રાજ્ય સરકારોના સંયુક્ત તત્માવધટનમાં ચાલતું આ કૌભાંડ વીસ વરસ કરતાં વધુ જૂનું છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં લોકો વરસોથી આ હકીકત જાણે છે, કારણ કે ગ્રામ્ય વિસ્તારનાં અમુક લોકો આ ષડયંત્રમાં માહિતી સાથે કે માહિતી વગર સામેલ છે. ગામડાંના લોકો શહેરમાં મળતું કોથળીઓનું દૂધ પસંદ નથી કરતા. તેઓ જાણે છે કે તે શેનું બનેલું છે. તેઓ એ પણ જાણે છે કે કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષના નેતાઓની તેમાં મિલીભગત છે.

જો સરકારોએ એનાલોગ પ્રોડક્ટની છૂટ આપી ન હતી તો તેના પર પ્રતિબંધ શા માટે જાહેર કરવો પડ્યો? ગૂગલ AI કહે છે કે કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી એનાલોગ પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ મૂકાયો નથી, પરંતુ કેન્દ્ર સરકાર પ્રતિબંધ મૂકવાની દિશામાં વિચારી રહી છે. આ પ્રકારના અનૈતિક કૃત્યો પર પ્રતિબંધ મૂકતા પહેલાં લાંબી વિચારણાની જરૂર શા માટે છે? ગુજરાતે એનાલોગ પનીર, ઘી, બટર પર પ્રતિબંધ મૂક્યો છે, એ રીતે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પંજાબ, કર્ણાટક,

મધ્યપ્રદેશ, હિમાચલ અને ઉત્તરાખંડની સરકારે મૂક્યો છે. પરંતુ બધા જ રાજ્ય સરકારોએ પ્રતિબંધ મૂક્યો નથી. મહારાષ્ટ્રના ફૂડ્સ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેના આ દેશ પર કુદરતના આશીર્વાદ વરસતા હોય તેમ આવી ચડ્યા છે અને તમામ રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર અને વરસોથી અજગરની માફક પડેલી કેન્દ્ર સરકારની FSSAI સંસ્થાને સફાળા જાગવાની મુંઢેએ ફરજ પાડી છે. દેશમાં અબજો રૂપિયાનો કાળો ફૂડ કારોબાર કંપનીઓ ડઘાઈ ગઈ છે અને પોસાય છે તેથી નામવંત વકીલોને રોકીને સીધી હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટ પહોંચે છે. જે અદાલતો એમનું કામ ઢંગથી કરતી નથી તે હવે મુંઢે સાહેબને પ્રોપર પ્રોસીજર પ્રમાણે ચાલવાનું જ્ઞાન આપે છે. મુંબઈ હાઈકોર્ટના અમુક ન્યાયાધીશોએ મુંઢેની બાબતમાં રાજકારણીઓ આપ પોતે એવાં નિવેદનો આપ્યા જ રહ્યાં છે. એ તો ભલું થજો સોશિયલ મીડિયાનું અને ટીવી, પેપર મીડિયાનું કે મુંઢે સાહેબને 99 ટકા પબ્લિકનો ટેકો છે. મુંબઈના એક અખબારમાં અહેવાલ હતો કે દેવેન્દ્ર ફડણવીસ સરકારની ખૂબ જ ઈચ્છા હશે તો પણ તુકારામ મુંઢેની બદલી કરી શકાય એવી સ્થિતિ રહી નથી. કરે તો પરિણામો બૂમરેંગ થવાની શક્યતા વધુ છે.



**જાસ્મીનના સાબુની અને જાસ્મીનના ફૂલની સુગંધ એક સરખી જણાય, પરંતુ એક ફૂલ છે અને બીજુ કેમિકલ છે**

મુંઢે સાહેબની પવિત્ર ફરજ પરસ્તીએ મહારાષ્ટ્ર ઉપરાંત સમગ્ર દેશમાં હાહાકાર મચાવી દીધો છે. દેશની વિવિધ ફૂડ અને સારી તેમજ ફાલતુ દવાઓના નિર્માણમાં રોકાયેલી ફૂડ લોબી ખૂબ પાવરફૂલ છે. તમામ પક્ષોને તેઓ ભંડોળ આપે છે. તેના તાર્કિક પરિણામો ખુલ્લી આંખો રાખીને જોવા જઈએ તો જોઈ શકાય છે. સર્વ સામાન્યથી માંડીને અસામાન્ય લોકોના પરમ હિત સાથે સંકળાયેલા આ મુદ્દા પર રાજ્યની વિધાન સભાઓ કે સંસદમાં ક્યારેય ચર્ચા થતી નથી. થાય તો રાખીટાળી નાખવામાં આવે છે. FSSAI કઈ બલા, શા માટે છે, ને તેના બે દાયકાના અસ્તિત્વ બાદ પણ ખૂબ થોડા લોકો જાણતા હતા. દેશમાં ખોરાકની સલામત અને ખોરાકની ગુણવત્તા જાળવી રાખવાની, તેનો ચોકી પહેરો કરવાનું કામ આ સંસ્થાનું હતું, પણ આ અજગરને ઘેર બેઠા ખોરાક પહોંચાડીને સ્થાપિત હિતોએ તેને, સરકારની નિશ્રા હેઠળ ઊંઘાડી દીધું હતી. ખોરાક લોબીની એ અસર જૂઓ કે રાહુલ ગાંધી સાવ ક્ષુલ્લક બાબતને મોટું સ્વરૂપ આપે છે. ખોટું મહત્ત્વ આપી ધરણા પર બેસી જાય છે, પણ ખોરાકમાં થતી કાતિલ નકલ અને ભેળસેળના મુદ્દા રાષ્ટ્રના દરેક નાગરિકને સ્પર્શતો હોવા છતાં કોંગ્રેસે તેને ખાસ મહત્ત્વ આપ્યું નથી. કોંગ્રેસને અને રાહુલને યોજનાની માટે ઉદ્યોગો પાસેથી ફાળો જોઈએ છે. હા ભૂંજેલા ચણા પર કેન્સરજનક પીળો રંગ ચડાવવામાં આવે છે. (કઠોળ અને દાળ પર પણ ચડાવાય છે) તે મુદ્દો શિવસેના (યુબીટી)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાને એક પત્ર લખીને ઉઠાવ્યો હતો. એમણે પત્રમાં ચિંતા વ્યક્ત કરી હતી કે કપડાં અને ચામડાંની ચીજો રંગવા માટે વપરાતી ઈન્ડસ્ટ્રીઅલ ડાય (રંગ)નો ઉપયોગ ચણા અને દાળોને વધુ રંગીન અને ચમકતી બતાવવા માટે વપરાય છે. પ્રિયંકાએ આ બાબતને FSSAIની સદંતર નાકામી બતાવી હતી.

આજકાલ યુવાનોના અકાળ મરણનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ બધું અચાનક નથી થયું. FSSAIએ તે માટે વરસો સુધી નિષ્ક્રિય રહીને મહેનત કરી છે. દેશમાં અને વિદેશોમાં ભારતમાં નિર્મિત કફ સિરપો પીઈને અનેક બાળકો મરી ગયા. નેતાજીઓ તો દિલ્હીમાં લુટીયન ઝોનમાં ગાયો રાખે, ઘરની ખેતીવાડીમાંથી અનાજ શાકભાજી આવે. ગરીબોના બાળકો મરે તેનાથી તેઓને કશો ફરક ન પડે.

વિદેશોમાં પણ ભારતમાં નિર્મિત ઔષધીઓ અને ખોરાક બાબતે ભારતની પ્રતિષ્ઠા બગડી. દેશની પ્રજા પણ સત્ય જાણવા માંડી હતી. પાણી માથાથી ઉપર વહેવા માડ્યું એટલે સરકારને કતલખાનું બંધ કરવાની ફરજ પડી છે. તમે વિચારો કે ઝેરી કેમિકલોમાંથી (કદાચ રબ્બર પણ હોઈ શકે) બનેલા ચીઝ, પનીર, પેંડા, દૂધ તમે તમારા બાળકોને વરસો સુધી ખવડાવતાં રહ્યા. કહે છે કે અસલી ચીજોના નિર્માણ કરતા નકલીનું પ્રમાણ બડલથી વધુ હતું. એ કેમિકલોએ બાળકોના મગજ અને આંતરડાં પર કેવો ત્રાસ ગુજાર્યો હશે.

ખાદ્ય પદાર્થો પરના તમામ લેબલો લગભગ ખોટાં અને લોભામણાં હોય છે. ડાબર જેવી કંપનીને રીયલ (ડ્રીંક્સ) અને સો ટકા શુધ્ધ (મધ વગેરે) શબ્દો લખવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ઓલ્ડ મોન્ક નામમાં રમ જેવું ખાસ કશું હોતુ નથી અને દારૂમાં કૃત્રિમ રસાયણો ઉમેરીને રમના સ્વાદ-સુગંધ અપાતા હતા. તેમાં વળી એક મજાની જોક જુઓ. બોટલ પર લખાતું હતું કે 7 વરસ જૂનો રમ. હકીકતમાં કેમિકલને 7 વરસ પડી રહેવા દેવામાં આવે તો એના ગુણોમાં વધારો ન થાય. કોઈ શા માટે પડ્યું રહેવા દે. આખરે મુંઢે સાહેબે ઓલ્ડ મોન્કનું ચારિત્ય અને સ્વરૂપ બદલવાની ફરજ પાડી છે. અંદર જે છે તે જ લેબલ પર લખવું પડશે અને હવે FSSAI શું કરે છે તે ખબર છે? તેના વડા તુકારામ મુંઢે બે મોઢે વખાણ કરે છે. આ વખાણ પણ નકલી એનાલોગ છે.